# શ્રીકૃષ્ણહાર્દવિત્

શ્રીઆચાર્યજી શ્રીકૃષ્ણના હૃદગત્ ભાવને જાણવાવાળા છે.

**અર્થ-ચરિત્ર-સંગતિ**

શ્રીકૃષ્ણના વાક્યો, ગીતામાં હોય કે ભાગવતમાં હોય અથવા તો ગમે તે ગ્રન્થમાં હોય પરંતુ આ વાક્યોનો ભાવ, તેનો ઉદ્દેશ આપશ્રી સમજીને બીજાઓને તેવાજ રૂપમાં સમજાવો છો આ પ્રકારનું સામર્થ્ય અન્ય કોઈમાં નથી. નિત્ય લીલા સ્થળમાં બીરાજતા ભગવાનની જે ઈચ્છા પ્રગટ થાય છે તે આપશ્રી તરત સમજી લે છે.

એકવાર રાધા કુંડ ઉપર શ્રીકૃષ્ણની ઈચ્છા જાણીને શ્રીઆચાર્યજી રાધાકુંડમાં થઈને ઠાકોરજી પાસે પધાર્યા. એક વૈષ્ણવને શ્રીઆચાર્યજી પધારતા હતા તે દર્શન થયાં. દર્શન માત્રમાં મૂર્છા આવી. ત્રીજે દીવસે આપ લીલામાંથી બહાર પધાર્યા અને સર્વ લીલાનો વૃત્તાંત દામોદરદાસ હરસાનીને કહ્યો. આ વૃત્તાંત આપે વર્ણન કર્યુ કે રાધાકુંડની અંદર એક દિવ્ય અલૌકિક રત્નજડિત મહેલ છે. ત્યાં સ્વામિનીજી શ્રી ઠાકોરજી સાથે નિત્ય વિહાર કરે છે. શ્રીસ્વામીનીજીએ માન કર્યુ હોવાથી ઠાકોરજીના હૃદયનો અભિપ્રાય જાણી શ્રીસ્વામિનીજીને મનાવી તેમણું માન મે દૂર કર્યુ અને મને યુગલ સ્વરૂપના દર્શન થયાં.

આ પ્રકારે શ્રીઆચાર્યજી સર્વત્ર, સર્વ રીતે શ્રીકૃષ્ણના હાર્દને જાણવાવાળા છે.

આનામ **"વૈરાગ્ય-ધર્મ"** - સૂચક છે.

**ચિત્ર-પરિચય**

ઉપર : રાધાકુંડની અંદર રત્નજડીત મહેલમાં શ્રીસ્વામિનીજી સહિત શ્રીકૃષ્ણ-

નીચે : શ્રીઆચાર્યજી દામોદરદાસને સર્વ વૃત્તાંત સંભળાવે છે.

**નામ-સંગતિ**

શ્રીકૃષ્ણના વાકયોનો અભિપ્રાય જાણવો તો બનો શકે પરંતુ લીલાસ્થિત્ શ્રીકૃષ્ણનું હાર્દ આપશ્રી કેવી રીતે જાણી શકો તે સમજાવવા **"પ્રતિક્ષણ નિકુંજસ્થલીલારસસુપૂરિતઃ"** નામ કહે છે.

# પ્રતિક્ષણ નિકુંજસ્થલીલારસસુપૂરિતઃ

શ્રીઆચાર્યજી પ્રતિક્ષણ નિકુંજમાં થતી લીલાના
રસથી પૂર્ણ રહે છે.

**અર્થ-ચરિત્ર-સંગતિ**

શ્રીકૃષ્ણની નિકુંજાદિ લીલાઓજ પુષ્ટિમાર્ગમાં ફલ સ્વરૂપ હોવાથી શ્રીઆચાર્યજી પ્રતિક્ષણ નિકુંજ લીલાઓનોજ અનુભવ કરે છે અને આ લીલારસથી આપ પૂરિત રહો છો. અને તેથી શ્રીકૃષ્ણના હૃદગત્ ભાવોને આપશ્રી સમજી શકો છો.

એક વખત માનસરોવર ઉપર શ્રીસ્વામિનીજી વિહાર લીલા બાદ આપ જે માન કરે છે તે માનની ભાવના કરતાં માનમાં બીરાજતાં હતા. આ વાત શ્રીઆચાર્યજીએ જાણી ત્યારે આપ નીકુંજમાં પધારી શ્રીસ્વામિનીજીને મનાવી ઠાકોરજી પાસે અર્ધરાત્રીએ પધરાવી આવ્યા. ત્યાંથી આપશ્રી દામોદરદાસ હરસાની પાસે પધાર્યા. દામોદરદાસે આપને અર્ધરાત્રીએ પધારવાનું કારણ પુછતાં માનસરોવરનો પ્રસંગ કહી સંભળાવ્યો.

આ નામ **"ધર્મી"** સ્વરૂપ છે.

**ચિત્ર-પરિચય**

ઉપર : શ્રીઆચાર્યજી નિકુંજમાં શ્રી સ્વામિનીજીને માન મનાવે છે.

નીચે : શ્રીઆચાર્યજી શ્રીસ્વામિનીજીને શ્રીઠાકોરજી પાસે પધરાવે છે.

**નામ-સંગતિ**

આવા લીલારસથી પરિપૂર્ણ શ્રીઆચાર્યજીના સ્વરૂપનું જ્ઞાન ભકતોને કેવી રીતે થઈ શકે તે સમજાવવા **"તત્કથાક્ષિપ્તચિત્તઃ"** નામ કહે છે.



प्रतिक्षण निकुंजस्थलीलारससुपूरिताय नमः